# વાવાઝોડાના પગલે તંત્રને સાબદા રહેવા તાકીદ

ગાંધીનગર, તા. ૪

મહા વાવાઝોડાને પગલે ગ્રામીણ વિસ્તારમાં ફરજો બજાવતા કર્મયોગીઓને સાબદા રહેવા તેમજ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની કડક સૂચનાઓ આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આપી છે.

આજે તંત્ર દ્વારા આ વાવાઝોડાની સ્થિતિ અંગેની તૈયારીઓ માટે યોજાયેલ સમીક્ષા બેઠકને સંબોધતા કલેક્ટરે જણાવ્યુ હતુ કે ભારે વરસાદ જેવુ લાગે તો પણ તાત્કાલિક જિલ્લા કંટ્રોલરૂમને જાણ કરવી. આ ઉપરાંત તેમણે દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે દવાઓનો જથ્થો ઉપલબ્ધ રહે તે માટે પણ સૂચના આપી હતી.

તેમણે આગામી ૧૫ દિવસમાં જે સગર્ભાની પ્રસુતિ થવાની સંભાવના હોય તેવી તમામ સગર્ભાઓની યાદી બનાવવી અને આ સગર્ભા પ્રસુતિ માટે સમયસર હોસ્પિટલ પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવી. તે માટે જે તે એ.એન.એમ. અને આશાને જરૂરી સૂચનાઓ આપવી. એમ.ઓ. અને ટી.એચ.ઓ. કક્ષાએ આનુ ઘનિષ્ઠ ફોલોઅપ થાય તે માટે જણાવ્યુ હતુ.

તેમણે જિલ્લામાં આવેલા નીચાણવાળા વિસ્તારો અને આશ્રય લઈ શકાય તે માટે

● અનુસંધાન પાન-૩ પર



નાટ્યાત્મક પલ્ટો - 'મહા' વાવાઝોડાના આગમનના પગલે સવાર-બપોર-સાંજ વાતાવરણ પલટાતું રહે છે... ક્યારેક વાદળછાયું તો ક્યારેક ધોમધખતો તડકો... તો વળી તેજ પવનનો અનુભવ પણ એક જ દિવસમાં થાય છે... હજુ તો આગામી ત્રણ દિવસમાં વાતાવરણ કેવું વળાંક લે છે એના પર ખેડૂતો અને બજારનું ભવિષ્ય મંડાશે... ઓછું નુકસાન થાય, ખેડૂતો બચી જાય, અને જાન-માલ પરથી ખતરો ટળી જાય એવી દરેક ગુજરાતીઓ પ્રાર્થના કરે છે...

# શહેરમાં વન આરક્ષિત વિસ્તારની ગંદકી ઉલેચવા ૫૦ મજુરોની ટીમ સફાઈમાં લાગી

### વન આરક્ષિત જગ્યાને દબાણ અને ગંદકીમુક્ત કરવા ફેન્સીંગના ગાબડા પુરવા પણ માંગ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરના સેકટરોમાં હરિયાળા વૃક્ષોની વનરાજી વચ્ચે સુકા અને જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે.જેને માર્કીંગ કરવાનુ પણ શરૂ કરી દીધુ છે. જયારે બીજીતરફ વન આરક્ષિત જગ્યામાં સફાઈ કરવા માટે પણ અભિયાન હાથ ધર્યુ છે. આ માટે વનતંત્રએ ૫૦ મજુરોની ટીમ કામે લગાડી છે. નગરના મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત જગ્યામાં ફેન્સીંગમાં ગાબડા પડવાના લીધે દબાણ અને ગંદકીની સમસ્યાએ પણ માથુ ઉંચકયુ છે ત્યારે સફાઈની સાથે વન આરક્ષિત જગ્યામાં રહેલા દબાણો દુર કરવા માટે પણ યોગ્ય પગલા લેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો આસપાસ હરિયાળી વનરાજી વચ્ચે વરસાદી દિવસામાં બિનજરૂરી ઘાસ અને વનસ્પતિ ઉગી નિકળી છે. શહેરના માર્ગો આસપાસ તેમજ સેકટરોના

● અનુસંધાન પાન-૩ પર

# જિલ્લામાં ૮૩૦ હેક્ટરમાં ૩૦ ટકાથી વધુ નુકસાન ખેતીને થયુ છે

### જિલ્લામાં ત્રણ હજાર હેક્ટરથી વધુ નુકશાનના પ્રાથમિક અંદાજ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક અંદાજો મુજબ ત્રણેક હજાર હેક્ટરમાં ખેતીના પાકને નુકશાન થયુ છે. જિલ્લાતંત્ર દ્વારા ૫૦ ટકા જેટલા આ પ્રાથમિક અંદાજ ધરાવતા વિસ્તારમાં સર્વેની કામગીરી પણ પૂર્ણ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રાથમિક અંદાજ મુજબ ત્રણેક હજાર હેક્ટરમાં કમોસમી વરસાદ તેમજ અતિ વરસાદને કારણે નુકશાન થવા પામ્યુ છે. જિલ્લાના ત્રણ તાલુકામાં ૧૦૦ ટકા કરતાં વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે ગાંધીનગર તાલુકામાં ૯૬ ટકા જેટલો વરસાદ ચોમાસાની આ સિઝન દરમ્યાન નોંધાયો છે.

જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા હાલ નુકશાની અંગે સર્વે ચાલી રહ્યુ છે. તંત્રની ટીમો દ્વારા ૧૫૦૦ હેક્ટર જેટલા વિસ્તારનો સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૩ પર

# શહેરમાં સુકા જોખમી વૃક્ષોની કટોતી કરવા માટે વનતંત્રએ માર્કીંગ શરૂ કર્યુ

### હરિયાળી વનરાજી વચ્ચે સુકા અને જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ

ગાંધીનગર તા ૪

વરસાદી દિવસોના અંતે ગાંધીનગરના સેકટરોમાં હરિયાળા વૃક્ષોની વનરાજી નિખરી છે. જયારે લીલાછમ વૃક્ષો વચ્ચે સુકા વૃક્ષો પણ છે. વનતંત્ર દ્વારા સમયાંતરે આ પ્રકારના ઉભા સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. શહેરમાં સુકા અને ભયજનક સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્રએ માર્કીંગ શરૂ કર્યુ છે. આગામી દિવસોમાં માર્કીંગના અંતે સુકા વૃક્ષો દુર કરવા માટે કામગીરી શરૂ કરાશે.

શહેરમાં હરિયાળા વૃક્ષોની વનરાજી નિખરી છે. વરસાદી દિવસોના અંતે શહેરમાં વૃક્ષોની સાથે વન આરક્ષિત જગ્યામાં હરિયાળુ ઘાસ પણ ઉગી નિકળ્યુ છે. જયારે લીલા વૃક્ષોની સાથે શહેરમાં સુકા અને જોખમી વૃક્ષો પણ યથાવત છે. સુકા વૃક્ષોની કટોતી માટે સમયાંતરે વનતંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૩ પર

## કચ્છ-ભચાઉમાં બે ઇંચથી પણ વધારે વરસાદ

અમદાવાદ, તા.૪

અરબી સમુદ્રમાં સર્જાયેલું મહા વાવાઝોડું સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયના મોટાભાગના વિસ્તારમાં અસર દેખાડી રહ્યું છે ત્યારે આજે કચ્છના ભચાઉ, અબડાસા, નખત્રાણા, મુન્દ્રા સહિતના તાલુકાઓમાં બેથી ત્રણ ઈંચ સુધીનો વરસાદ ખાબક્યો હતો. જેમાં અબડાસા તાલુકાના નલિયામાં અને મુન્દ્રા તાલુકાના કણજરા ટપ્પર વિસ્તારમાં એક કલાકમાં બે ઈંચ વરસાદ ખાબકતાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઇ હતી. આ જ પ્રકારે સૌરાષ્ટ્રના વિવિધ પંથકો અને વિસ્તારોમાં આજે પણ વરસાદી ઝાપટાં જોવા મળ્યા હતા.

હજુ પણ જિલ્લાના અન્ય વિસ્તારોમાં મધ્યમથી હળવો વરસાદ પડી રહ્યો છે. ખેડૂતોના પાકનું મોટાપાયે ધોવાણ થતાં પાકને બહુ વ્યાપક અને ગંભીર નુકસાન થયુ હતુ. મહા વાવાઝોડાની અસરના ભાગરૂપે છેલ્લા બે-ત્રણ દિવસથી રાજયના હવામાન અને વાતાવરણમાં નોંધનીય પલ્ટો આવ્યો છે.

# ગોકુળપુરામાં ગટરોનુ દૂષિત પાણી ફરી વળતા રોગચાળાની દહેશત

### છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવાની સમસ્યાનો અનેક રજુઆતના અંતે અંત આવતો નથી

ગાંધીનગર તા ૪

ગોકુલપુરામાં છેલ્લા ઘણાં સમયથી ગટરોનુ દુષિત પાણી ફરી વળ્યુ છે. આ વિસ્તારમાં રસ્તાઓ પર ગટરના દુષિત પાણીનો ભરાવો થતા અસહ્ય ગંદકી વચ્ચે રોગચાળાની દહેશત પ્રબળ બની છે. સ્થાનિકો દ્વારા આ અંગે તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા સમસ્યાનો કાયમી નિકાલ થાય તેવા કોઈ પગલા લેવાતા ન હોવાનો રોષ પ્રવર્તયો છે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. સેકટરોમાં દાયકાઓ જુની ગટર લાઈનની ચેમ્બર તુટતા વારંવાર ગટરોનુ દુષિત પાણી રહીશોના ઘર આંગણે ફરી વળે છે. ગટરોના દુષિત પાણીના ભરાવાના લીધે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ થતો હોવાથી રોગચાળાને પણ બળ મળતુ હોવાના આક્રોશ સાથે તંત્ર દ્વારા ગટરો ઉભરાવાની ફરિયાદોનો ઝડપથી નિકાલ કરવામાં આવે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. શહેરના સેકટરોની સાથે નજીકના વિસ્તારોમાં પણ ગટરો ઉભરાતી હોવાની સમસ્યા વકરી છે. નગરના ગોકુળપુરા વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટરો

● અનુસંધાન પાન-૩ પર




## શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ

(ગુજરાત નાયી-વાળંદ સમાજ)

શ્રી લિંબચ પ્રેરણા ધામ, રંગમંચ પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર. (ગુજરાત)

### જાહેર નોટીસ

શ્રી પ્રેરણા પ્રગતિ મંડળ (ગુજરાત નાયી-વાળંદ સમાજ), સેક્ટર-૧૩, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવે છે કે, પ્રેરણા પ્રગતિ મંડળના નામે લગ્નવાડી નોંધાવવાનું તથા અન્ય રીતે નાણા ઉઘરાવવાનું ચાલુ કરેલ છે. તેમને આપેલ દાન કે નોંધાવવામાં આવેલ લગ્નવાડી માન્ય ગણાશે નહી. આ કામ માટે સંસ્થાના સંગઠન મંત્રીશ્રી બળવતભાઈ મોહનલાલ વાળંદ મોબાઈલ નં. ૯૯૦૧૪૫૮૫૬૫ તથા શ્રી રમેશભાઈ એમ. ચૌહાણ સંસ્થાના હિસાબનીસ મોલાઈલ નં. ૯૭૨૩૫૨૭૮૧૫ છે. તો લગ્નવાડીના બુકીંગ માટે તથા અન્ય કામ માટે તેમનો સંપર્ક કરવા વિનંતી. આ સિવાય કોઈએ બિનઅધિકૃત વ્યક્તિ દ્વારા લગ્નવાડીનું બુકીંગ કે સંસ્થા વતી કોઈપણ નાણાંકીય વ્યવહાર કરવો નહિ. કરશો તો સંસ્થા જવાબદાર રહેશે નહીં.

રમેશચંદ્ર એન. વાળંદ
કાર્યકારી પ્રમુખ
પ્રેરણા પ્રગતિ મંડળ,
ગુજરાત નાયી-વાળંદ સમાજ
ગાંધીનગર


# વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા તંત્ર સઘન કામગીરી કરે : કલેક્ટર આર્ય

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા ડેન્ગ્યુના કેસોને પગલે તંત્રને વધુ સઘન કામગીરી કરવા માટે જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ જણાવ્યુ છે.

આજે જિલ્લા આરોગ્યની સંકલન સમિતિની મળેલ બેઠકમાં તેમણે દંડનીય કાર્યવાહી વારંવાર મળતા બ્રિડીંગ માટે કરવી જોઈએ તેવો આગ્રહ કર્યો હતો. આ માટે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ પ્રસ્તાવ લઈ આવવો જોઈએ. ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યુ હતુ કે નીતિ આયોગના માપદંડો જે નિયત થયા છે તેમાં પણ અસરકારક કામગીરી થાય તે જરૂરી છે. ટીમ ગાંધીનગર દ્વારા રોગચાળાની કોઈપણ પરિસ્થિતિને પહોંચવા માટે સક્ષમ બને તેના પર ભાર મુક્યો હતો.

જિલ્લામાં આરોગ્ય સેવાઓનું સાર્વત્રિકરણ જેટલુ જરૂરી છે એટલી જ ગુણવત્તાસભર સેવાઓ ઉપલબ્ધ બને તે પણ જરૂરી છે. તેમણે જિલ્લામાં રસીકરણ અભિયાન અંગે તેમજ બાળમરણ અને માતામરણના કિસ્સાઓમાં પણ સઘન કામગીરી માટે જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ ઉપરાંત જિલ્લાના આરોગ્યતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરે વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા સઘન કામગીરીની સાથે સાથે પાણીજન્ય રોગચાળા માટે જરૂરી પગલાં લેવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com